સિનિયર ઓફીસર્સની વોટ્સએપ ચેટ વાયરલ : જીગ્નેશને એન્કાઉન્ટરનો ડર

ધારાસભ્ય જીગ્નેશ મેવાણીના સમર્થકોએ આ મામલે તાત્કાલીક ગુનો દાખલ કરી તપાસ કરવા ડીજીપીને આવેદનપત્ર આપ્યુ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતના દલીત નેતા અને વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ રાજ્યના પોલીસ દ્વારા પોતાના જીવને જોખમ હોવાની આશંકા વ્યક્ત કરી છે. સિનિયર પોલીસ ઓફીસર્સની કથિત વોટ્સએપ ચેટ વાયરલ થઈ છે. જેને પગલે જીગ્નેશ મેવાણીને પોતાના એન્કાઉન્ટરનો ડર ઉભો થયો છે. આ મામલે જીગ્નેશ મેવાણીના સમર્થકોએ ગાંધીનગર ખાતે ડીજીપી ઓફીસ આવીને આજે આવેદનપત્ર પાઠવી આ ઘટનાની તાત્કાલીક તપાસ કરવા અને ગુનો દાખલ કરવા માંગ કરવામાં આવી છે.

શુક્રવારે એક વોટ્સએપ ગ્રુપમાં પોલીસ અધિકારીઓ વચ્ચે થયેલી વાતચીત સોશ્યલ મીડીયાઓમાં વાયરલ થઈ છે. એક વિડીયોમાં કેટલાક પોલીસ કર્મચારીઓ નેતા જેવા લાગતા એક વ્યક્તિની ધોલાઈ કરી રહ્યા છે અને બીજા વિડીયોમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ઉત્તરપ્રદેશના લુખ્ખા તત્વોના એન્કાઉન્ટર સંબંધીત પ્રશ્નોના જવાબ આપી રહ્યા છે. વોટ્સએપ ગ્રુપમાં આ બંને વિડીયો શુક્રવારે અપલોડ થયા અને અમદાવાદ રૂરલના ડીએસપીએ મેસેજ કર્યો કે 'પોલીસના બાપ બનવાવાળા અને પોલીસનો વિડીયો ઉતારવા વાળાઓ એટલુ યાદ રાખજો, તમારા જેવાઓના માટે પોલીસનો આવો સમય આવશે જ.... હિસાબ તો બરાબર થશે જ..!' આ વાતચીત 'એડીઆર પોલીસ એન્ડ મિડિયા' નામના ગ્રુપમાં થઈ હતી. જીગ્નેશ મેવાણીને પોતાનું એન્કાઉન્ટર થવાના ડરને પગલે આજે આ પ્રકરણ મામલે તાત્કાલીક તપાસ કરવા અને ગુનો દાખલ કરવા સંદર્ભે જીગ્નેશના સમર્થકોએ ગુજરાતના રાજ્ય પોલીસ વડાની કચેરીમાં આવેદનપત્ર આપ્યુ છે.

રજત જયંતી મહોત્સવ - ગાંધીનગર સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના રજત જયંતી મહોત્સવનો મંગલ પ્રારંભ પૂજ્ય ગુરૂમાના હસ્તે દિપપ્રાગ્ટયથી કરાયો હતો... જ્યારે જ્ઞાનપીઠ એવૉર્ડ વિજેતા જાણીતા સાહિત્યકાર ડૉ. રઘુવીર ચૌધરીએ અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું... રઘુવીરભાઈ ચૌધરી અને ગુરૂમાના પ્રવચનોથી ઉપસ્થિત સભ્યો ભાવવિભોર બન્યા હતા...

ગાંધીનગરની પ્રજા સેવાકાર્યમાં અતુટ શ્રધ્ધા ધરાવે છે : પૂ. ગુરૂમા

સિનિયર સિટીઝન કાઉન્સિલના રજતજયંતી મહોત્સવના પ્રારંભે મહાનુભાવોનુ વ્યાખ્યાન : ડો. રઘુવીર ચૌધરીનું પ્રેરક ઉદ્‌બોધન

ગાંધીનગર તા ૨૪

સિનિયર સિટીઝન કાઉન્સિલના રજત જયંતિ પ્રસંગે સમદર્શન આશ્રમના પુ ગુરુમાં એ જણાંવ્યુ હતુ કે ભગવાન આપણા કાર્યો માટે કોઇને નિમિત્ત તરીકે પસંદ કરે છે. કર્મ કરતા શતાયુ જીવવાની આશા રાખી કર્મના અંતે જે મળે તેનો પણ ત્યાગ કરીને બીજાને આપવાની ભાવના રાખવી જોઇએ. આ બધી જ બાબતો સિનિયર સિટીઝન કાઉન્સિલના સભ્યોમાં દેખાય છે. પરિપકવતા આંતરિક હોય છે. અંતરની ક્ષમતા એટલે પરિપકવતા અંતરમાં આવતા ઉભરાઓ શમવા લાગે ત્યારે સમજવુ અંતર પરિપક્વ થયુ. આવી પરિપકવતા કર્મયોગથી આવે છે. કર્મ એટલે સતત કાર્ય કરતા રહેવુ એમ નહીં પરંતુ કર્મ થકી ઈશ્વર સાથે જોડાવુ નિમિત્ત બનીને પ્રભુને સાથે રાખીને કરેલુ કર્મ એટલે સેવા છે. જયારે સેવા કર્મ યજ્ઞ ત્યારે બને જયારે અનેક લોકોનો વિચાર કરીને કર્મ કરવામાં આવે અંતર શુદ્ધ થાય તેમ ઉદાર બનીને બીજાનો વિચાર કરવો અનિવાર્ય છે. સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ પણ આવી જ પ્રવૃતિમાં વ્યસ્ત છે. સિનિયર સિટીઝન્સ કાઉન્સિલના સભ્યો જે કરી રહયા છે તેને ભગવાનની કૃપા સમજી આ

● અનુસંધાન પાન-૭ પર

જીમખાના ક્રિકેટ મેદાનને તૈયાર કરવા રાજકોટની પીચનો અભ્યાસ કરાશે

અધિકારીઓ રાજકોટ તેમજ મોટેરા સ્ટેડિયમની મુલાકાત લેશે

ગાંધીનગર તા ૨૪

સે-૨૧ જીમખાનાના ક્રીકેટ મેદાનને તૈયાર કરવાનુ કામ હાથ ધરાયુ છે. જયારે આ પ્રોજેકટ અન્વયે બે તબક્કામાં કામગીરી નિયત કરવામાં આવી છે. હાલ ક્રિકેટ મેદાનને અનુલક્ષી સિવિલ કામ ચાલી રહયુ છે. પરંતુ આગામી દિવસોમાં પીચને તૈયાર કરવા માટે પણ આયોજન કરવામાં આવી રહયુ છે. ક્રિકેટ મેદાનની પીચ તૈયાર કરવા માટે તંત્રના અધિકારીઓ રાજકોટ તેમજ મોટેરા સ્ટેડિયમની મુલાકાત લઈ પીચનો અભ્યાસ કરશે.

ગાંધીનગરના સે-૨૧ માં સ્થિત જીમખાના મેદાનમાં નવુ ક્રિકેટ મેદાન તૈયાર થઈ રહયુ છે. જયારે આ મેદાનને અનુલક્ષી વિવિધ બે તબક્કામાં કામગીરી કરવામાં આવશે. ક્રિકેટ મેદાન તૈયાર કરવા પાછળ રૂ ૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. સે-૨૧ ના આ ક્રિકેટ મેદાનને અત્યાધુનિક તેમજ ઉચ્ચ કક્ષાની મેચ યોજી શકાય તેવુ બનાવવા માટે પણ આયોજન કરાયુ છે. સ્ટેડિયમને નવુ તૈયાર કરવા ઉપરાંત ખેલાડીઓ માટે નવા રૂમો તૈયાર કરવાનુ પણ આયોજન છે. ગાંધીનગરમાં ક્રિકેટ પ્રેમીઓ નવા સ્ટેડિયમ તેમજ ક્રિકેટ પીચને અનુલક્ષી ઉત્સુક બન્યા છે. જયારે ક્રિકેટ પ્રેમીઓમાં પણ ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ છે. ત્યારે આ મેદાનને આઈ પી એલ તેમજ રણજીટ્રોફી કક્ષાની મેચ રમી શકાય તે પેટર્ન પર તૈયાર કરવાનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. જીમખાના મેદાનને અનુલક્ષી પીચ તજજ્ઞોનો પણ અગાઉ અભિપ્રાય લેવામાં આવ્યો છે. જયારે શહેરના એકમાત્ર ક્રિકેટ મેદાનને યોગ્ય કરવા માટે આગામી સપ્તાહમાં તંત્રના અધિકારીઓ તેમજ જીમખાનાના નિષ્ણાંતો રાજકોટ તેમજ મોટેરાના સ્ટેડિયમની મુલાકાત લેશે. જયારે આ ઠેકાણે પીચ તેમજ સ્ટેડિયમનો યોગ્ય અભ્યાસ કરી ગાંધીનગરના મેદાનમાં જરૂરી સુધારા વધારા કરવામાં આવશે. જીમખાનાના મેદાન તેમજ સ્ટેડિયમને નવા રૂપરંગ આપવામાં આવશે. આ કામગીરી પાછળ રૂ ૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જો કે હાલ ફેઈઝ -વન અન્વયે કામગીરી ચાલી રહી છે.જુલાઈમાં આ કામ પુર્ણ થયા બાદ બીજા તબક્કમાં ફેઈઝ ટુ નુ કામ હાથ ધરાશે.

જિલ્લાના પડતર પ્રશ્નો અંગે આવતીકાલે સમીક્ષા બેઠક

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ સંજીવકુમારે સોમવારે શહેર અને જિલ્લાના પ્રશ્નોની સમીક્ષા માટે એક ખાસ બેઠક જિલ્લા કલેક્ટર કચેરી ખાતે બોલાવી છે.

આ બેઠકને લઈ આજે રજાના દિવસે પણ કલેક્ટર કચેરી કાર્યરત રહી હતી. સાંજે ચાર વાગે મળનારી આ બેઠકમાં જિલ્લાની સર્વગ્રાહી સમીક્ષા થવાની હોવાથી અધિકારીઓને પણ હાજર રહેવા માટે ખાસ તાકીદ કરવામાં આવી છે. આ બેઠકમાં ખાસ કરીને પેયજળની સુવિધા, ગ્રામવિકાસની યોજનાઓના અમલીકરણ અંગે, પેયજળના ક્લોરીનેશનને લઈ, જિલ્લામાં ચાલી રહેલ શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ, હેલ્થ સર્વેની કામગીરી, શહેરમાં સ્માર્ટ સીટી અંતર્ગત હાથ ધરવામાં આવેલ કામો અને આગામી દિવસોમાં હાથ ધરવાના કામોના આયોજન, શહેરની સ્વચ્છતા, જિલ્લામાં ખરીફ સિઝનના વાવેતરની સ્થિતિ, પશુ આરોગ્યના કાર્યક્રમોની સમીક્ષા, મહેસુલી તુમાર નિકાલની ઝુંબેશની સમીક્ષા, પડતર નોંધોની સમીક્ષા, વન ડે ગર્વનન્સ અંતર્ગત પડતર રહેલ કાગળોના નિકાલ માટે કરાયેલ કામગીરી સહિતના મુદ્દાઓની ચર્ચા થવાની છે.

જિલ્લામાં પાક વીમાના નાણાંની ચુકવણી, જિલ્લામાં સોઈલ હેલ્થ કાર્ડ અંતર્ગત લેવાયેલ નમૂનાઓની ચકાસણી માટે થયેલ કામગીરીની સમીક્ષા પણ આ બેઠકમાં થશે તેમ મનાઈ રહ્યુ છે.

પ્રભારી સચિવશ્રી દ્વારા ગાંધીનગર શહેરોમાં સ્વચ્છતા અભિયાન અને સ્વચ્છતા સર્વેક્ષણને લઈ થયેલી કામગીરી ઉપરાંત સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટમાંથી થયેલા કામો અને હાલની પ્રગતિ વિશે પણ અધિકારીઓ સાથે ચર્ચા કરશે.

જિલ્લા આયોજન મંડળ દ્વારા હાથ ધરાયેલા કામો તેમજ સ્પીલ ઓવર થતા કામો, આવાસ યોજનાના કામોની પ્રગતિ અંગે પણ ચર્ચા વિચારણા કરશે તેમ જાણવા મળેલ છે. વયમર્યાદાને લઈ નિવૃત્ત થતા કર્મચારી-અધિકારીના પેન્શન કેસો, ઉચ્ચત્તર પગાર બાંધણીના પડતર કેસો, સાતમા પગાર પંચના પગાર બાંધણીના કેસોની સમીક્ષા પણ તેઓ કરશે. આ ઉપરાંત રૂ. ૧૦ લાખ કે તેથી વધુની વેટ અને જીએસટીની વસુલાત બાકીના કેસોની પણ વિસ્તૃત ચર્ચા કરનાર હોવાનું જાણવા મળેલ છે.

નવી ચૂંટાયેલ તા.પં. અને જિ. પંચાયતોની રચનાની કામગીરી ૧૫ માર્ચ પહેલાં પૂર્ણ કરાશે

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા બે દિવસમાં પરિણામોની પ્રસિદ્ધિ કરી દેવા કટિબદ્ધ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર તાલુકા પંચાયત સહિત ૧૭ તાલુકા પંચાયતો અને બે જિલ્લા પંચાયતોની રચના અંગેની કાર્યવાહી રાજ્ય ચૂંટણી પંચે હાથ ધરી છે.

મળતા નિર્દેશો મુજબ ૧૫ માર્ચ પહેલાં આ રચનાની કામગીરી સંપન્ન કરી દેવામાં આવે તે દિશામાં હાલ કામગીરી ચાલી રહી છે. આ તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોને ૩૧ માર્ચ સુધીમાં ૨૦૧૮-૧૯નું બજેટ પસાર કરવુ ફરજીયાત હોવાથી રાજ્ય ચૂંટણી પંચે આ કામગીરીને વેગીલી બનાવી છે.

મળતા નિર્દેશો પ્રમાણે હોળી સુધીમાં આ ચૂંટણીના પરિણામોને એકસ્ટ્રા ઓડીનરી ગેઝેટમાં પ્રસિદ્ધ કરી દેવાશે આ પછી તેની જાણ વિકાસ કમિશ્નરને કરી પ્રથમ બેઠક યોજવા માટે અધ્યાક્ષી અધિકારીની નિમણુંક કરવા જણાવાશે.

● અનુસંધાન પાન-૭ પર

વિદ્યાર્થીઓની હોલ ટિકિટ ન રોકવા શાળાઓને હુકમ

ફી મુદ્દે શાળા સંચાલકોની દાદાગીરી સામે લાલ આંખ : સીબીએસઇએ પરિપત્ર જારી કરીને આદેશ કર્યો કે, બોર્ડે ઇશ્યુ કરેલી હોલ ટિકિટ કોઇ પણ સ્કૂલ રાખી શકશે નહી

અમદાવાદ,તા. ૨૪

રાજ્ય સરકારના ગુજરાત સ્વનિર્ભર શાળા ફી અધિનિયમને ગુજરાત હાઈકોર્ટની બહાલી બાદ અને સુપ્રીમકોર્ટની પણ રાહત પછી પણ શાળા સંચાલકોને વાગેલા મોટા ઝટકાના ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે. હાઈકોર્ટના સરકારના કાયદાને બહાલી આપતાં સ્પષ્ટ ચુકાદા બાદ પણ હજુ કેટલાક ખાનગી સ્વનિર્ભર શાળાના સંચાલકો મનસ્વી ફી અને તગડી ફી વસૂલવા વાલીઓ પર દબાણ કરી રહ્યા છે અને હવે તો ખાનગી શાળા સંચાલકો રીતસરની નફ્ફટાઈ પર ઉતરી આવ્યા છે અને તે પણ એટલી હદે કે, આવા શાળા સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓની બોર્ડ દ્વારા અપાયેલી હોલ ટિકિટ પોતાની પાસે દબાવી રાખે છે અને વિદ્યાર્થીઓ ફી ભરે પછી જ તે હોલ ટિકિટ આપવાની ધમકી આપે છે. આ વાતની ફરિયાદ સીબીએસઈ સુધી પહોંચતા સીબીએસઈ સત્તાવાળાઓએ આજે એક પરિપત્ર જારી કરી તમામ શાળાઓને કડક સૂચના જારી કરી છે કે, તેઓ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓની હોલ ટિકિટ અટકાવી શકશે નહી. બોર્ડે આપેલી ટિકિટ સ્કૂલો પોતાની પાસે કોઈપણ સંજોગોમાં રાખી શકશે નહી અને તે વિદ્યાર્થીઓને આપી દેવાની રહેશે. તમામ શાળાઓને બોર્ડના આ નિયમનો કડકાઈથી પાલન કરવા તાકીદ કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, તાજતેરમાં જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સત્તાવાળાઓને પણ આ પ્રકારની ફરિયાદ મળતાં રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ હોલ ટિકિટ નહી આપનારી ખાનગી શાળાઓને કડક

● અનુસંધાન પાન-૭ પર

ફી વધારાના મામલે આજે સવારે ઘ-૪ના બગીચામાં વાલીઓની બેઠક

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરની શાળાઓમાં ફી વધારાના મામલે આજે ઘ-૪ બગીચા ખાતે વાલીઓ એકત્રિત થશે. સવારે ૯ : ૪૫ કલાકે વાલીઓની બેઠખ મળશે. આ બેઠકમાં મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહેશે તેમ મનાઈ રહયુ છે. છેલ્લા ઘણાં સમયથી ફી વધારાના મુદ્દાને અનુલક્ષી અસમંજસની સ્થિતિ પ્રવર્તી છે. જયારે આ મામલે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં પણ રોષ પ્રવર્તયો છે. આવા સંજોગોમાં વાલીઓ દ્વારા આ મામલે ખાસ બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ છે.

બોર્ડની પરીક્ષાની હોલ ટિકિટ બુધવારથી અપાશે

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ માસમાં લેવાતી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાઓની શરૂઆત આગામી તા.૧૨ માર્ચથી શરૂ થઈ રહી છે. પરીક્ષાની તડામાર તૈયારીઓ બોર્ડ દ્વારા શરૂ કરવામાં આવી છે અને આગામી તા.૨૮ ફેબ્રુઆરીને બુધવારથી હોલ ટિકિટનું વિતરણ શરૂ કરવામાં આવશે. પરીક્ષાખંડમાં પ્રવેશ માટે હોલ ટિકિટ અત્યતં મહત્વની છે અને ફી નિયમનના મામલે અમુક શાળાઓ વિધાર્થીઓને જો પુરી ફી નહીં ભરો તો હોલ ટિકિટ આપવામાં નહીં આવે તેવી ચીમકી આપ્યાની ફરિયાદ બહાર આવતાં બોર્ડે આ વખતે કોઈ વિધાર્થીને હોલ ટિકિટ નહીં મળે તો તે માટે આચાર્યની જવાબદારી રહેશે.

બોર્ડના પરીક્ષા સચિવે જણાવ્યું છે કે, જે કિસ્સામાં વિધાર્થીને હોલ ટિકિટ ન મળે તે કિસ્સામાં વિધાર્થીઓએ તાત્કાલીક શાળાના આચાર્ય અને જિલ્લા શિક્ષણાધિકારનું ધ્યાન દોરવાનું રહેશે અને બોર્ડ દ્વારા શરૂ કરાયેલી હેલ્પલાઈન નં.૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ નંબરમાં જાણ કરવાની રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com